# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
# શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

## ડિજિટલ સર્વગ્રાહી પ્રગતિ પત્રક (હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ – HPC) લાગુ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય: NCERT એ બિરદાવ્યું, અન્ય રાજ્યોએ લીધી પ્રેરણા.

- ડિજિટલ સર્વગ્રાહી પ્રગતિ પત્રક (હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ - HPC) લાગુ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે, જેની NCERT દ્વારા પ્રશંસા કરવામાં આવી છે. આ પહેલથી પ્રેરિત થઈને આંધ્રપ્રદેશ, ગોવા, મણિપુર અને હિમાચલ પ્રદેશ જેવા રાજ્યોએ વર્કશોપમાં ભાગ લીધો હતો.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 ની ભલામણો અનુસાર દરેક વિદ્યાર્થીનું સર્વગ્રાહી પ્રગતિ પત્રક (Holistic Progress Card) એક સમગ્રદર્શી અને 360 ડિગ્રીનો બહુપરિમાણિય અહેવાલ છે. જેમાં વિદ્યાર્થીના જ્ઞાનાત્મક, ભાવાત્મક અને મનોક્રિયાત્મક ક્ષેત્રના વિકાસનો બારીકાઈપૂર્વક કરેલ વિશ્લેષણનું વર્ણન તેમજ તેની પ્રગતિ વિશિષ્ટતાને પ્રતિબિંબિત કરવામાં આવે છે.
- ઉક્ત વિભાવના અનુસાર NCERT-PARAKH દ્વારા સર્વગ્રાહી પ્રગતિ પત્રક (HPC) તૈયાર કરવામાં આવેલ છે. જેનું વર્ષ-2026-27 થી દરેક જિલ્લાની 10% સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમલ કરવામાં આવી રહેલ છે. HPC એ મૂલ્યાંકનની એક નવી પદ્ધતિ છે. જેમાં પરીક્ષાના ગુણ ઉપરાંત વિદ્યાર્થીના સર્વાંગી વિકાસનું મૂલ્યાંકન થશે. જેમાં વિદ્યાર્થીનું સ્વ-મૂલ્યાંકન, સહાધ્યાયી, માતા-પિતા (વાલી) અને શિક્ષક દ્વારા મૂલ્યાંકન કરવામાં આવશે.
- સર્વગ્રાહી પ્રગતિ પત્રક (HPC) ની વિગતોને આધારે વિદ્યાર્થીનો એક ટ્રેક રેકર્ડ તૈયાર થશે. જેના આધારે વિદ્યાર્થીની પ્રગતિનું માપન તથા મૂલ્યાંકન કરવામાં આવશે તથા તે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં ખૂબ ઉપયોગી બનશે. આમ, વિદ્યાર્થીના સતત સર્વગ્રાહી મૂલ્યાંકન તરીકે સર્વગ્રાહી પ્રગતિ પત્રક (HPC) શાળાકીય શિક્ષણનો અગત્યનો દસ્તાવેજ છે.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) દ્વારા NEP-2020 અન્વયે સર્વગ્રાહી પ્રગતિ પત્રક (HPC) ના ડીજીટલ વર્ઝનનો ઉપયોગ કરવા માટે પ્રેરણા અને માર્ગદર્શન આપવામાં આવેલ છે. પર્યાવરણના સંરક્ષણ માટે સર્વગ્રાહી પ્રગતિ પત્રક (HPC)નું છાપકામ કરવાને બદલે ડીજીટલ વર્ઝન દ્વારા અમલીકરણ કરવા અંગે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. જે અન્વયે શિક્ષણ વિભાગના તા.20/06/2026ના પત્રથી આ અંગે મંજૂરી આપવામાં આવેલ છે.
- માન. અગ્ર સચિવશ્રી (પ્રા.શિ. અને મા.શિ.) ના સતત માર્ગદર્શન હેઠળ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અને SSAના સહયોગથી HPCનું ઓનલાઈન મોડ્યુલ-ડીઝીટલ વર્ઝન તૈયાર કરવામાં આવેલ છે. જેમાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સરળતાથી માહિતી ભરી શકશે તથા તેને ડીજીટલ ફોર્મેટમાં સાચવી શકાશે.
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા PARAKH-NCERT ના સહયોગથી HPCના પાયલોટ પ્રોજેક્ટ માટે પસંદ થયેલ શાળાઓના શાળાદીઠ એક શિક્ષકને માર્ગદર્શન તથા તાલીમ આપવા માટે તારીખ 20/07/2026 ના રોજ સુરત ખાતે, તા.21/07/2026ના રોજ વડોદરા ખાતે, તા.22/07/2026ના રોજ ગાંધીનગર ખાતે, તા.23/07/2026ના રોજ અમદાવાદ ખાતે અને તા.24/07/2026ના રોજ રાજકોટ ખાતે ઝોનવાઈઝ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષશ્રી તેમજ અન્ય અધિકારીશ્રીઓ,

**PARAKH-NCERT**ના રિસોર્સ પર્સન, ઝોન મુજબ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ અને **HPC**ના નોડલ અધિકારીશ્રીઓ તેમજ **HPC**ના તજજ્ઞશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

- માન.અધ્યક્ષશ્રીએ સર્વગ્રાહી પ્રગતિ પત્રક (**HPC**)ના વર્કશોપમાં **NEP-2020** ની ભલામણો તથા **HPC** અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેઓશ્રીએ જણાવ્યું હતું કે સર્વગ્રાહી પ્રગતિ પત્રક (HPC) માત્ર પરીક્ષાના ગુણ સુધી મર્યાદિત નથી, પરંતુ વિદ્યાર્થીની શૈક્ષણિક સિદ્ધિઓ સાથે તેની સર્જનાત્મકતા, જીવન મૂલ્યો, નેતૃત્વ ક્ષમતા, સંવાદ કૌશલ્ય, રમતગમત, કલા, સામાજિક અને ભાવનાત્મક વિકાસ જેવાં વિવિધ પાસાઓનું સતત અને વ્યાપક મૂલ્યાંકનપત્રક છે. આ પદ્ધતિ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારશે અને માત્ર ગુણ મેળવવાની હરીફાઈને બદલે શીખવાની પ્રક્રિયાને વધુ અર્થપૂર્ણ બનાવશે. સર્વગ્રાહી પ્રગતિ પત્રક (HPC) માત્ર વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન નહીં કરે પરંતુ શિક્ષકો અને વાલીઓને પણ બાળકની શક્તિઓ, રસના વિષયો અને સુધારાની જરૂરિયાત અંગે માહિતી આપશે. તેના આધારે દરેક વિદ્યાર્થીને તેની ક્ષમતા અનુસાર માર્ગદર્શન આપી શકાશે, જેના પરિણામે શિક્ષણ વધુ ગુણવત્તાસભર અને વિદ્યાર્થીકેન્દ્રિત બનશે.
- **PARAKH-NCERT** ના **CEO** અને **Head** ડૉ. ઈન્દ્રાણી ભાદુરી દ્વારા સર્વગ્રાહી પ્રગતિ પત્રક (HPC) ના અમલીકરણ અંગે બોર્ડને સતત માર્ગદર્શન આપવામાં આવેલ છે. તેઓએ આ વર્કશોપમાં વિડીયો સંદેશ દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સર્વગ્રાહી પ્રગતિ પત્રક (HPC) નું ડીજીટલ વર્ઝન તૈયાર કરવા અંગેની પહેલને બિરદાવી હતી તેમજ સમગ્ર દેશમાં **HPC (Secondary Stage)**ના ડીજીટલ વર્ઝનનો અમલ કરવામાં પ્રથમ રાજ્ય બનવા બદલ અભિનંદન આપ્યા હતા. તેઓએ **NEP-2020** અન્વયે **HPC** ના અમલથી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તેમજ $360^0$ મૂલ્યાંકન અંગે માર્ગદર્શન આપ્યું હતું.
- ડૉ. ઈન્દ્રાણી ભાદુરી દ્વારા વિવિધ રાજ્યોના શિક્ષણ બોર્ડના અધિકારીશ્રીઓને ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ દ્વારા આયોજિત ઝોન કક્ષાના **HPC** અંગેના વર્કશોપમાં ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપવામાં આવેલ હતું. જે અન્વયે તા.20/07/2026ના રોજ સુરત ખાતે આંધ્રપ્રદેશ શિક્ષણ બોર્ડ, તા.22/07/2026ના રોજ ગાંધીનગર ખાતે હિમાચલ પ્રદેશ શિક્ષણ બોર્ડ, તા.23/07/2026ના રોજ અમદાવાદ ખાતે મણિપુર શિક્ષણ બોર્ડ તથા તા.24/07/2026ના રોજ રાજકોટ ખાતે ગોવા શિક્ષણ બોર્ડના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. જુદા-જુદા બોર્ડમાંથી ઉપસ્થિત રહેલ અધિકારીશ્રીઓએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સર્વગ્રાહી પ્રગતિ પત્રક (HPC) ના ડીજીટલ વર્ઝનના અમલીકરણ અંગે પહેલ કરીને સમગ્ર દેશના તમામ બોર્ડને દિશા-નિર્દેશ પૂરા પાડવા બદલ આ કામગીરીને બિરદાવીને હૃદયપૂર્વકના અભિનંદન આપ્યા હતા.
- વર્કશોપમાં **PARAKH**ના રીસોર્સ પર્સન અને **HPC** ના તજજ્ઞશ્રીઓ દ્વારા શિક્ષકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ **HPC**ના ડીજીટલ વર્ઝનનો online ડેમો પણ બતાવવામાં આવેલ હતો. વર્કશોપમાં ઉપસ્થિત રહેલ શિક્ષકશ્રીઓએ **HPC** ના ડીજીટલ વર્ઝનથી વર્ગખંડના તમામ વિદ્યાર્થીઓના સતત તથા સર્વગ્રાહી મૂલ્યાંકનની આધુનિક પદ્ધતિને સહર્ષ આવકારી હતી.

તારીખ :- 28/07/2026
સ્થળ :- ગાંધીનગર.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતરમાધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર